# COVID-19 રસી: હકિકતો જાણો

## હકિકતો: COVID-19 રસી તમને COVID-19 નહીં લગાડે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં હાલમાં COVID-19 ની એવી કોઇ રસી વિકાસ હેઠળ નથી જે જીવંત વાયરસનો ઉપયોગ કરતી હોય અને જે COVID-19 ઊભો કરે.

## હકિકતો: COVID-19 રસી તમને COVID-19 વાયરલ ટેસ્ટમાં પોઝિટિવ પરીક્ષણ ધરાવતા બનો તેવું કરશે નહીં.

હોય તો, રસી તમને વાયરલ ટેસ્ટમાં પોઝિટિવ પરીક્ષણવાળા બનાવવાનું કારણ બનશે નહીં, જેનો ઉપયોગ એ જોવા માટે કરવામાં આવે છે કે તમને **હાલમાં ચેપ છે કે નહીં**..

## હકિકતો: જે લોકો COVID-19 થી બીમાર પડ્યા હોય તેમને પણ આ રસી લેવાનો લાભ મેળવી શકે છે.

આ સમયે વિશેષકો પણ નથી જાણતા કે, COVID-19 થી સાજા થયા બાદ કેટલા સમય સુધી ફરી વખત બીમાર પાડવા સામે સુરક્ષિત રહી શકે છે. જે ચેપ લાગ્યો હોય તેવી વ્યક્તિ રોગપ્રતિકારકશક્તિ (કુદરતી રોગપ્રતિકારકશક્તિ)મેળવે છે તે એક વ્યક્તિથી બીજી વ્યક્તએ અલગ-અલગ હોય છે.  કેટલાક જૂના પૂરાવા સૂચવે છે કે, કુદરતી રોગ પ્રતિકારકશક્તિ બહુ લાંબો સમય નથી ટકતી.

## હકિકતો: રસીલેવાથી COVID-19 ના કારણે બીમાર પડતા અટકાવવામાં મદદ કરીશકે છે.

COVID-19 તમને કેવી રીતે અસર કરશે તે જાણવાની કોઇ રીત નથી. જ્યારે તમે બીમાર હોવ ત્યારે, તમે પણ તમારા મિત્રો, પરિવાર અને તમારી આસપાસના લોકોમાં રોગ ફેલાવીશકો ખરા. COVID-19 રસી તમને માંદા પડવાની અનુભૂતિ વિના ર એન્ટીબૉડી રિસ્પોન્ઝ ઊભો કરીને રક્ષણ આપવામાં મદદ કરે છે.

## હકિકતો: mRNA રસી પ્રાપ્ત કરવાથી તમારું DNA બદલાશે નહીં.

mRNA (મેસેંજર રિબોન્યુક્લેઇક એસિડ (messenger ribonucleic acid) ને પ્રોટીન કે પ્રોટીનનો માત્ર કોઈ ભાગ કેમ બનાવો તે માટેના નિર્દેશો તરીકે સૌથી સરળ રીતે વર્ણવી શકાય. mRNA વ્યક્તિના આનુવંશિક બંધારણ (DNA) ને બદલવાનું અથવા સુધારણા કરવા સક્ષમ નથી હોતું.

રોગ નિયંત્રણ અને અટકાવ કેન્દ્રોમાંથી રૂપાંતરણ.

ડિસેમ્બર 17, 2020